ક્રમાંકઃબ/તઆ/૩૧-૧/૧૨૫૨-૧૨૫૦ /૨૧-૨૨
અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી
ગુજરાત રાજય, અરણ્ય ભવન, એ/૧,
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
email: ccfvigilance.guj@gmail.com
તા. ૧૭/૦૮/૨૦૨૧

વિષયઃ- અનામી/બેનામી અરજીઓ અન્વયે હકીકતલક્ષી અહેવાલ રજુ કરવા બાબત.
સંદર્ભઃ- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ
સીડીઆર/૧૪૨૦૧૫/૧૧૩૯/તપાસ એકમ, તા.૧૬/૧૦/૨૦૧૫

અરજદાર ધ્વારા અધિકારી/કર્મચારી સામે વિવિધ આક્ષેપો મુકી અરજીઓ કરવામાં આવતી હોય છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ આક્ષેપો અન્વયે સામાન્ય રીતે અરજદારને રજીસ્ટર એ.ડી. થી ટપાલ લખી રૂબરૂ નિવેદન અર્થે બોલાવવામાં આવતાં હોય છે. જો અરજદાર રૂબરૂ હાજર ન થાય તો તેમના ધ્વારા કરવામાં આવેલ આક્ષેપોને સમર્થન મળતું નથી તેમ માની આક્ષેપ અરજી અનામી/બેનામી ગણી આક્ષેપ અરજીને દફતરે કરવા અત્રે અભિપ્રાયસહ અહેવાલ રજૂ કરવામાં આવતો હોય છે. પરંતુ ગુજરાત તકેદારી આયોગ ધ્વારા આક્ષેપો અન્વયે હકિકતલક્ષી અહેવાલની માંગણી કરેલ હોય તેવા કેસોમાં અરજદાર રૂબરૂ હાજર રહેલ ન હોય તો પણ કેસનો હકિકતલક્ષી અહેવાલ તકેદારી આયોગને રજૂ કરવો જરૂરી હોય છે. તો અત્રેથી હકીકતલક્ષી અહેવાલ માંગેલ હોય તેવી આક્ષેપ અરજીમાં કરાયેલ આક્ષેપો અન્વયેનો હકિકતલક્ષી અહેવાલ અવશ્ય રજૂ કરવામાં આવે તે અંગેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે. અલબત્ત અરજીમાં અનામી/બેનામી હોવા બાબતનો ઉલ્લેખ અહેવાલ સાથે કરવાનો રહેશે. જે સુચનાનો અમલ કરવા અંગેની નોંધ લેવા વિનંતી છે.

અગ્ર મુખ્ય વન સંરક્ષક
અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ,
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, રાજપીપળા
મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ
વન સંરક્ષકશ્રી, તમામ
નાયબ વન સંરક્ષકશ્રી, તમામ


D:\Circle-wise Leters 2020\Genral Notice All Circle.docx